# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-05-2026 Day : Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર તૌફિક સમા વાંચે છે.

---

## ચોમાસાની પૂર્વ તૈયારીની સમીક્ષા :

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતિ રવિએ તમામ જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર-DPO સાથે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ યોજી ચોમાસાની પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી. તેમણે ચોમાસાને ધ્યાનમાં રાખીને આગામી 15 દિવસમાં હીટવેવ, પૂર વગેરે આપત્તિ સંબંધિત વિવિધ કવાયત તાલુકાસ્તરે હાથ ધરવા સૂચના આપી હતી.

આ અંગે સુશ્રી રવિએ દરિયાકિનારાના જિલ્લામાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિશેષ કવાયત યોજવા પર ભાર આપ્યો. ઉપરાંત તેમણે જેતે વિસ્તારમાં આવતા જોખમી સ્થળો, મોટી દુર્ઘટના ટાળી શકાય તે માટે જૂના ઘરનું અત્યારથી જ યોગ્ય મેપિંગ કરીને પગલાં લેવા ઉપરાંત રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર સંદર્ભે જે જગ્યાઓ ખાલી હોય તે પણ ઝડપથી ભરવા સંબંધિતોને તાકીદ કરી હતી

**-----------------------------------------------------------------------------------------------**

## ઓપરેશન રેઝ઼પિલ – માદક પદાર્થોની જપ્તી :

ભારતની માદક પદાર્થ વિરોધી એજન્સીઓએ ઓપરેશન રેઝપિલ હેઠળ પહેલી વાર 182 કરોડ રૂપિયાના કેપ્ટાગોન માદક પદાર્થ જપ્ત કર્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, સરકાર ભારતને નશા મુક્ત દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે, પશ્ચિમ એશિયાઈ દેશોમાં જતી માદક પદાર્થની જપ્તી અને વિદેશી નાગરિકની ધરપકડ આ દિશામાં ભારતની કડક નીતિને પ્રતિબિંબિત કરે છે.

શ્રી શાહે કહ્યું કે, સરકાર ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશતા અને બહાર જતા માદક પદાર્થના પ્રતિ ગ્રામ જથ્થા પર પણ કડક કાર્યવાહી કરશે. તેમણે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના સ્ટાફને પણ અભિનંદન આપ્યા હતા.

---

## કચ્છ – માદક પદાર્થની જપ્તી :

જીલ્લામાં પૂર્વ કચ્છ LCBએ ગાંધીધામ-ભચાઉ નેશનલ હાઈવે પરથી માદક પદાર્થ પોષડોડાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. એક ખાનગી  હોટલમાંથી 19 કિલો 500 ગ્રામ પોષડોડા સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ અધિક્ષક સાગર બાગમાર અને પૂર્વ કચ્છ LCBના પીઆઈ જે.એમ. વાળાના માર્ગદર્શન હેઠળ LCB ટીમને પોષડોડાની હેરાફેરી અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે, ટીમે ગાંધીધામ-ભચાઉ નેશનલ હાઈવે પર આવેલી ખાનગી  હોટલ પર દરોડો પાડ્યો હતો.

---

## અધિક માસનો આરંભ :

આજથી હિન્દુ પંચાંગ અનુસાર અધિક માસનો આરંભ થાય છે. જે માસમાં સૂર્યની સંક્રાંતિ ન થાય એ માસ અધિક માસ ગણાય છે. એ રીતે જેઠ એ અધિક માસ તરીકે આવ્યો છે. વિક્રમ સંવત આ વર્ષે તેર માસનું ગણાશે. આ માસ એ ખગોળ વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના સંગમ સમો ગણાય છે. ભગવાન શ્રી કૃષ્ણ એ માસને પોતાનો માસ ગણાવ્યો હોઈ એ પુરુષોતમ માસ તરીકે જાણીતો છે. આ માસમાં દાન પુણ્યનો અને નદી સરોવરોમાં પવિત્ર સ્નાનનો વિશેષ મહિમા રહેલો છે. અધિક માસ દર ત્રણ વરસ પછી આવે છે.

---

## શિક્ષણ મંત્રાલય – શાળા છોડી દેનાર બાળકોની સમીક્ષા :

શિક્ષણ મંત્રાલયે દેશમાં ચૌદથી અઢાર વર્ષની વયના બાળકોમાં, શાળા છોડી દેનારાઓની વધતી સંખ્યા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા સચિવ સંજય કુમારની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) દ્વારા પ્રસ્તાવિત નવી પહેલના અમલીકરણ વ્યૂહરચનાની સમીક્ષા કરવામાં આવી હતી.

શિક્ષણ સચિવે જણાવ્યું કે આર્થિક મુશ્કેલીઓ, ઘરેલું જવાબદારીઓ અને આજીવિકાના પડકારો બાળકો શિક્ષણ પ્રણાલીમાંથી બહાર નીકળી જાય છે તેના મુખ્ય કારણોમાં શામેલ છે. તેમણે ભાર મૂક્યો હતો કે, દરેક બાળકને ઓછામાં ઓછા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તર સુધી શિક્ષણ મળવું જોઈએ, સાથે સાથે સ્થાનિક આર્થિક તકો સાથે જોડાયેલા રોજગાર યોગ્ય કૌશલ્યો પણ મળવા જોઈએ.

---

## હવામાન :

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું છે કે રાજ્યમાં આગામી 19 તારીખ બાદ ગરમીમાંથી રાહત મળી શકે છે. દરમિયાન રાજ્યમાં હાલ ક્યાંય પણ હીટવેવ એટલે કે, ઉષ્ણ લહેરની કોઈ સંભાવના નથી.

જીલ્લામાં 25 જૂનથી 30 જુન વચ્ચે ચોમાસું પહોંચે તેવી શક્યતા છે. રાજ્યમાં 15 જૂન બાદ ધીમે ધીમે વરસાદી માહોલ જામશે. હાલ ચોમાસું અંદમાન-નિકોબાર સુધી આગળ વધ્યું છે.

---

## IPL :

આઈ પી એલ ની મેચમાં કોલકતા નાઇટ રાઇડર્સની ટીમે ગુજરાત ટાઇટન્સને 29 રને હરાવી પાંચમી સફળતા મેળવી છે. જ્યારે ગુજરાતની ટીમ ને સતત પાંચ મેચમાં વિજય પછી પરાજય ખમવો પડ્યો છે.

કોલકતાના ઇડન ગાર્ડન પરની મેચમાં કોલકતાની ટીમના બે વિકેટે 248 રનના વિજયી લક્ષ્યાંક સામે ગુજરાતની ટીમ 4 વિકેટ ગુમાવી 218 રન કરી શકી હતી. ગુજરાતની ટીમના સુકાની શુભમન ગિલે સૌથી વધુ 85 રન કર્યા હતા. જોસ બટલરે 57 રન કર્યા હતા. જયારે સાઈ સુદર્શન 53 રન કરી નોટ આઉટ રહ્યા હતા

એ અગાઉ, કોલકતાની ટીમે બે વિકેટના ભોગે 247 રન કર્યા હતા એલને સહુથી વધુ 93 રન કર્યા હતા જ્યારે રઘુવંશી 82 અને કેમરૂન ગ્રીન 52 રન કરી નોટ આઉટ રહ્યા હતા.

---